**રજા પ્રવાસ રાહત હેઠળ ઘોડા, ટટ્ટુ કે ડોલી દ્વારા મુસાફરી અંગે.**

ગુજરાત સરકાર,
**નાણા વિભાગ,**
ઠરાવ નં.મસભ-૧૦૨૦૦૧-૨૨૬૭-(૨૦૦૦)-ચ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૩૦ એપ્રિલ, ૨૦૦૧.

વંચાણે લીધો :- (૧) નાણા વિભાગના સરકારી ઠરાવ ક્રમાંક : મસભ-૨૧૬૬-૪૨૯૮-જ, તા.૧૫મી ઓક્ટોબર-૧૯૬૬.

## -:: ઠ રા વ ::-

પ્રસ્તાવનામાં નિર્દેશિત નાણા વિભાગના તા.૧૫-૧૦-૬૬ ના ઠરાવની જોગવાઇ અનુસાર રજા પ્રવાસ રાહત હેઠળ માન્ય જાહેર વાહનવ્યવહાર પધ્ધતિ દ્વારા આવરી લેવાયેલ ન હોય તેવા પ્રવાસના ભાગ માટે સરકારી નાણાકીય સહાય મુંબઇ રાજ્ય સેવા નિયમો, ૪૧૪ના અર્થમાં પ્રવાસ ભથ્થા તરીકે મળવાપાત્ર રકમના ૯૦% અથવા કરાયેલ ખરેખર ખર્ચની રકમ એ બેમાંથી જે ઓછી હોય તે મળવાપાત્ર છે. રજા પ્રવાસ રાહત હેઠળ કર્મચારીઓ અમરનાથ, વૈષ્ણોદેવી જેવા ધાર્મિક સ્થળોની મુલાકાતે જતા હોય છે. આ સ્થળો પહાડી વિસ્તારોમાં આવેલ હોઇ અને માન્ય જાહેર વાહનવ્યવહાર પધ્ધતિથી આવરી લેવાયેલ ન હોઇ, કેટલીક મુસાફરી હેલીકોપ્ટર, ઘોડા, ટટ્ટુ અથવા પાલખી દ્વારા કરવામાં આવતી હોય છે. અને જેના ભાડા પેટે ઉંચી રકમ ચુકવવી પડતી હોય છે. પરંતુ આવી મુસાફરીના દાવા પેટે કર્મચારીને ઉક્ત સહાય ઘણી ઓછી મળવાપાત્ર થતી હોવાથી મોટા ભાગનું ખર્ચ કર્મચારીએ પોતે જ ભોગવવું પડે છે. કર્મચારીઓની આ મુશ્કેલીઓના નિવારણ માટે આ બાબતમાં સર્વ સામાન્ય સહાયના ધોરણો નક્કી કરવાની બાબત સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી. વિચારણાના અંતે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

રજા પ્રવાસ રાહત હેઠળ કર્મચારીઓ અને તેમના કુટુંબના સભ્યો અમરનાથ, વૈષ્ણોદેવી જેવા ધાર્મિક સ્થળોની મુલાકાતે જતા હોય છે. આ સ્થળો પર્વતીય / પહાડી વિસ્તારમાં આવેલ હોવાથી જાહેર વાહન વ્યવહારની કોઇપણ સેવા ઉપલબ્ધ ન હોવાથી કર્મચારીઓ અને તેના કુટુંબના સભ્યો કેટલીક મુસાફરી હેલીકોપ્ટર, ઘોડા, ટટ્ટુ અથવા તો ડોલી / પાલખી દ્વારા કરતા હોય છે. આવી મુસાફરીના ભાડા પેટે કર્મચારી દ્વારા ખરેખર ચુકવવામાં આવેલ રકમ પૈકી સરકારી સહાય ઉપરના ફકરામાં જણાવ્યા મુજબ ઓછી હોઇ, આ જોગવાઇમાં છુટછાટ આપીને ચંદનવાડીથી અમરનાથ ગુફા સુધી ઘોડા, ટટ્ટુ, ડોલી કે હેલીકોપ્ટર દ્વારા કરવામાં આવેલ મુસાફરી માટે વ્યક્તિ દીઠ રૂ.૫૦૦/- અને કટરાથી વૈષ્ણોદેવી માટે વ્યક્તિદીઠ રૂ.૧૫૦ /- ઉચ્ચક રકમ સરકારી સહાય તરીકે મળવાપાત્ર થશે. પગપાળા કરેલ મુસાફરી માટે કોઇ સહાય મળવાપાત્ર થશે નહીં. જ્યાં ખરેખર ચુકવેલ રકમ ઉપર્યુક્ત રકમ કરતાં ઓછી હશે ત્યાં ખરેખર ચૂકવેલ રકમ મળવાપાત્ર થશે.

પડતર દાવાઓ આ હુકમો અનુસાર વિનિયમિત કરવાના રહેશે, આખરી થયેલા દાવાઓ પુન: ઉખેડવાના રહેશે નહીં.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**એમ. એચ. સૈયદ**
સેકશન અધિકારી,
નાણા વિભાગ.

પ્રતિ,

★ માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગાંધીનગર.
માનનીય મંત્રીશ્રીઓ /રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, ગાંધીનગર.
માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય ,ગાંધીનગર.
★ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
★ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
★ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
★ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
★ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
★ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો.
ખાતાના વડાઓ / કચેરીના વડાઓ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ઓડીટ-૧, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ઓડીટ-૨, ગુજરાત રાજ્ય, રાજકોટ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી, (એ.એન્ડ ઇ.) ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.
સર્વે કલેટકરશ્રીઓ / જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ. / સર્વે જીલ્લા સહાયક નિરીક્ષક.
પગાર અને હિસાબ અધિકારી, અમદાવાદ/ ગાંધીનગર.
પગાર અને હિસાબ અધિકારી, નર્મદા, વડોદરા / ગાંધીનગર.
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ / પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
નિવાસી તપાસણી અધિકારી, અમદાવાદ / ગાંધીનગર.
તમામ બોર્ડ /કોર્પોરેશન/યુનિર્વસીટીઓ અને જાહેર સાહસો.
નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ / નાણા સલાહકારશ્રીઓ તેમજ શાખાઓ.
સર્વે માન્ય મંડળો. (પંચાયત સેવાના એસોસીએશનો સહિત)
પસંદગી ફાઇલ, ''ચ''શાખા.
<u>''ક''વર્ગ ફાળવણી.</u>

★પત્રદ્વારા.